# કોરોના કહેર : મોડાસા શહેરમાં વહીવટી તંત્રએ ટ્યુશન કલાસીસ અને કોચિંગ ક્લાસમાં તપાસ આદરી મોલધારકને નોટિસ





દેશમાં કોરોના વાયરસનો ઝડપી પ્રસાર થઈ રહયો છે.દ્વ કોરોના વાયરસને અટકાવવા ગુજરાત સરકારે મોટો નિર્ણય કર્યો છે.જેમાં ૨૯ માર્ચ સુધી શાળા-કોલેજ ,મોલ-થિયેટર બંધ રાખવા સરકાર દ્વારા આદેશ કરાયા છે.અરવલ્લી જિલ્લાની અંદાજે ૧૨૦૦ થી વધુ પ્રાથમિક શાળા,શૈક્ષણિક સંકુલ તા.૧૬ માર્ચ થી ૨૯ માર્ચ સુધી બે સપ્તાહ માટે બંધ છે મોડાસા નગરપાલિકા તંત્ર પણ કોરોના વાઈરસને લઈને પગલે સતર્ક બની ૭૫ એકમોને નોટિસ ફટકારી હતી તેમ છતાં કેટલાક કોચિંગ અને ટ્યુશન કલાસના સંચાલકો અને મોલધારકો રાજ્ય સરકારના આદેશોને ઘોળીને પી જતા ખુલ્લેઆમ ધમધમી રહ્યા હોવાના સમાચાર વિવિધ સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થતા જીલ્લા કલેક્ટરે જીલ્લા શિક્ષણાધિકારી અને પ્રાથમિક શિક્ષણાધિકારીને તપાસના આદેશ કરતા કોચિંગ અને ટ્યુશન ક્લાસીસની હાટડીઓ ચલાવતા સંચાલકો શટર પાડી રફુચક્કર થઈ ગયા હતા નગરપાલિકા તંત્રએ મોલધારકને નોટિસ ફટકારી હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. અરવલ્લી જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર અને વહીવટી તંત્ર કોરોના વાઈરસના પગલે સતર્ક બન્યું છે આરોગ્ય વિભાગ સજ્જ કરી આઈસોલેશન વોર્ડ ઉભા કરવામાં આવ્યા છે.

ગુજરાત સરકારે પણ રાજ્યમાં શોપિંગ મોલ, સ્કૂલ અને કોલેજ ૩૧મી માર્ચ સુધી બંધ રાખવાનો નિર્ણય કર્યો છે અરવલ્લી જીલ્લામાં કેટલાક લોભિયા ટ્યુશન સંચાલકો અને મોલ ધારકો છાનાછપને તેમનો ધંધો ચલાવી બાળકો અને લોકોના સ્વાસ્થ્ય સાથે ખિલવાડ કરી રહ્યા હોવાના સમાચાર વિવિધ સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થતા જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે જીલ્લા શિક્ષણાધિકારી ગાયત્રીબેન પટેલ અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.એ.કે.મોઢ પટેલને તપાસના આદેશ આપતા બુધવારે વિવિધ ટીમ બનાવી મોડાસા શહેર સહીત જીલ્લામાં ચાલતા કોચિંગ અને ટ્યુશન ક્લાસીસો પર તપાસ હાથધરી હતી પરંતુ શહેરમાં ટ્યુશન અને કોચિંગ ક્લાસીસના સંચાલકો વહીવટી તંત્રથી એક ડગલું આગળ ચાલતા હોય તેમ કોચિંગ અને ટ્યુશન ક્લાસીસને તાળા મારી દઈ રફુચક્કર થઈ ગયા હતા.

મોડાસા શહેરમાં નગરપાલિકા તંત્રએ પાલિકાતંત્રની નોટિસને ઘોળીને પી જનારા મોલ ધારકને નોટિસ ફટકારી તાબડતોડ મોલ બંધ કરાવી દીધો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષણતંત્રએ ફક્ત નગરપાલિકામાં નોંધણી થયેલા ટ્યુશન ક્લાસીસ અને કોચિંગ ક્લાસીસ પર દરોડા પાડ્યા છે પરંતુ રહેણાંક વિસ્તારોમાં ખાનગી મકાનો અને ફ્લેટમાં હજુ પણ ટ્યુશન ક્લાસીસ યથાવત ચાલુ હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

## અરવલ્લી હિન્દૂ યુવા વાહિનીએ કલેક્ટરને આવેદનપત્ર આપી નોનવેજની હાટડીઓ પર પ્રતિબંધની માંગ

હાલ ચારેબાજુ કોરોના વાયરસના કારણે ભયનો માહોલ છે ત્યારે રાજય સરકાર દ્વારા કોરોના વાયરસને લઈ એક મોટી જાહેરાત કરવામાં આવી છે અને ૧૭ મી માર્ચથી લઈને ૨૯ માર્ચ સુધી થિયેટરો, મોલ બંધ રાખવા જણાવાયું છે. એટલું જ નહીં, શાળા-કોલેજોમાં પણ ૩૧ માર્ચ સુધી બંધ રાખવા નિર્દેશ આપવામાં આવ્યો છે ત્યારે કોરોના વાયરસ સામે સુરક્ષા ના ભાગરૂપે હિન્દૂ યુવા વાહિની અરવલ્લી જીલ્લાના હર્ષુ પંડ્યા એને તેમની ટીમે અરવલ્લી જિલ્લામાં ચાલતા નોનવેજ માંસ, મટન ચિકન,મચ્છી ના વેચાણ ઉપર પ્રતિબંધ મુકવા બાબતે અરવલ્લી જિલ્લા કલેકટર ને આવેદન પત્ર આપી રજુઆત કરી હતી.

## અરવલ્લી પ્રાથમિક શૈક્ષિક મહાસંઘે પ્રાથમિક શિક્ષણાધિકારીને આવેદનપત્ર આપી શાળાનો સમય સવારનો કરવા માંગ



નોવેલ કોરોના વાયરસ COVID - 19 ના ખતરા સામે સાવચેતીના પગલારૂપે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર તેમજ સ્વાયત સંસ્થાઓ હસ્તકની તમામ સંસ્થાઓમાં ૧૬ માર્ચ થી ૨૯ માર્ચ સુધી શૈક્ષણિક કાર્ય બંધ રાખવાનો આદેશ આપ્યો છે પરંતુ શાળાઓ કોલેજો અને યુનિવર્સિટી સહિત તમામ સંસ્થાઓ ના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ ને જે - તે સંસ્થા ખાતે ફરજ પર હાજર રહેવાનું હોવાથી શાળામાં શૈક્ષણિક કાર્ય ન કરવાનું હોઈ ફક્ત વહીવટી કાર્ય જ બાકી રહેતું હોવાથી અરવલ્લી જીલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.એ.કે મોઢ પટેલને આવેદનપત્ર આપી જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં શાળાનો સમય એપ્રિલ માસની જેમ સવારનો સમય કરવામાં આવે ની માંગ કરી હતી.

અરવલ્લી જીલ્લા પ્રાથમિક શૈક્ષિક મહાસંઘના હોદ્દેદારોના જણાવ્યા અનુસાર પ્રાથમિક શાળાઓનો સમય સવારનો કરવાથી શિક્ષકોને અનુકૂળતા રહે તેમજ અન્ય વહીવટી કામકાજ પણ સરળતાથી થઈ શકે તેમ હોવાથી શાળાઓનો સમય સવારનો કરવા રજુઆત કરી છે.



## કોરોના વાઈરસને લઈ ધનસુરા ખાતે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

કોરોના વાઈરસને લઈ ધનસુરા ખાતે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. હાલમાં સમગ્ર દેશમાં કોરોના વાઈરસ ચાલી રહ્યો છે. જેને લઈને દેશભરમાં સાવચેતી ના પગલાં લેવામાં આવી રહ્યા છે.અને વિવિધ કાર્યક્રમો યોજાય છે. ત્યારે ધનસુરા ગ્રામ પંચાયત પાસે ઉકાળા નું વિતરણ કરવામાં આવ્યું હતું. નિયામક શ્રી આયુષની કચેરી ગાંધીનગર તેમજ જિલ્લા આયુર્વેદ અધિકારી અરવલ્લી ના માર્ગદર્શન હેઠળ ધનસુરા ગ્રામ પંચાયતના સહયોગથી કોરોના પ્રતિરોધક આયુર્વેદિક ઉકાળાનું વિતરણ તેમજ હોમિયોપથી દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ધનસુરાના સરપંચ યશવંતભાઈ પટેલ, સાબરડેરીના ડિરેક્ટર કાંતિભાઈ પટેલ, શામળાજી મંદિરના ટ્રસ્ટી અનિલભાઈ પટેલ, અર્પણભાઈ પટેલ, હોમિયો મેડિકલ ઓફિસર ડૉ. સતિષભાઈ બી. પટેલ તથા આયુર્વેદિક મેડિકલ ઓફિસર વૈદ્ય ગાયત્રીબેન પંચાલ, વૈદ્ય રીનાબેન અસારી, વૈદ્ય વિપુલભાઈ પટેલે સેવા બજાવી હતી. આ કેમ્પમાં મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા અને આયુર્વેદિક ઉકાળા અને હોમિયો દવાનો લાભ લીધો હતો.

# નાના મોટા ધાર્મિક મેળાવડા, ડાયરા ન યોજવા તંત્રની લોકોને અપીલ

### કોરોના વાયરસથી ગભરાવાની જરૂર નથી, નાગરિકો ભીડવાળી જગ્યાએ જવાનું ટાળો : સંદીપ સાગલે

નાના મોટા ધાર્મિક મેળાવડા ન યોજવા બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી છે. કોરોના વાયરસના સંક્રમણને અટકાવવાના ભાગરૂપે પાલનપુર ખાતે કલેકટરશ્રી સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેકટરશ્રીએ જણાવ્યું કે, નાગરિકોએ કોરોના વાયરસથી બિલકુલ ગભરાવવાની જરૂર નથી પરંતુ ભીડભાડવાળી જગ્યાએ જવાનું ટાળે તે જરૂરી છે. તેમણે આરોગ્ય વિભાગના અધિકારીઓને સુચના આપતા જણાવ્યું કે, પાલનપુર સીવીલ હોસ્પીટલ સહિત જિલ્લાના તમામ સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પુરતી સુવિધાઓ અને દવાઓનો સ્ટોક ઉપલબ્ધ રાખી તાલીમબધ્ધ સ્ટાફને રાઉન્ડ ધ ક્લોક તૈનાત રાખીએ. કલેકટરશ્રીએ સ્વચ્છતા પર ભાર મુકતા જણાવ્યું કે, શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પુરતી સાફ-સફાઈ અને સ્વચ્છતા રાખવામાં આવે તે જરૂરી છે. તેમણે કહ્યું કે, રાજય સરકાર દ્વારા આપવામાં આવેલી સૂચનાનો જિલ્લામાં અસરકારક અમલ થાય અને નાગરિકોને જાગૃત કરીએ. તેમણે કહ્યું કે, કોરોના વાઈરસનો ચેપ સામાન્ય રીતે ડ્રોપલેટ ઈન્ફેક્શન એટલે સંક્રમિત વ્યક્તિ કે વસ્તુના સંપર્કમાં આવવાથી લાગતો હોય છે તેમજ સંક્રમિત વ્યક્તિના થૂંકવાના કારણે આ રોગનો ફેલાવો થવાની શક્યતા રહેલી છે. જે ધ્યાને જાહેરમાં થૂંકવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે અને જાહેર સ્થળોએ થૂંકનાર પાસેથી દંડ વસૂલ કરવા તેમણે જણાવ્યું હતું. કલેકટરશ્રીએ કહ્યું કે, સારવાર આપનાર સ્ટાફ અને ડૉકટરોએ માસ્ક અને ચેપથી બચવાના તમામ સાધનોનો ઉપયોગ ફરજીયાત કરવાનો રહેશે. બધા લોકોએ માસ્ક પહેરવા જરૂરી નથી.

## ડીસાના કુંભાર વાસમાંથી જુગાર રમતા સાત ઝડપાયા

ડીસા, તા. ૧૯

બનાસકાંઠા પોલીસ વડા ની સૂચના આધારે જિલ્લામાંથી દારૂ જુગારની બદી નાબૂદ કરવાની સૂચના આધારે ડીસા દક્ષિણ પોલિસને મળેલ બાતમી આધારે કુંભરવાસ માં ઓચિંતી રેડ કરતા ગંજી પાનાંનો જુગાર રમતા ત્રણ સક્શો પોલીસ ના હાથે ઝડપાઈ જવા પામ્યા હતા.

જ્યારે ચાર સક્સશ નાસી છૂટવામાં સફળ થયા હતા પોલીસે તેમની પાસે થી રોકડ રકમ કબજે કરી જડપાએલ આરોપી વિનોદ બાબુજી ઠાકોર, સરીફ સબીર કુરેશી, કિશન ગણપટલાલ કલાલ, દશરથ મુકેસભાઈ ઠાકોર કૌશલ રમેસજી ઠાકોર, સરફરાઝ બસીર કુરેસી અને આકાશ કિશન દેવીપુજક વિરુદ્ધ જુગાર ધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ભિલોડામાં કોરોના વાયરસ પ્રતિરોધક અમૃતપેય ઉકાળાનું વિતરણ કરાયું

ભિલોડા,તા.૧૯

કોરોના વાયરસની દહેશત દિન-પ્રતિ-દિન વધતા કોરોના વાયરસનો ફેલાવો ન થાય તે માટે અવનવા આયુર્વેદિક ઉપાયો પ્રજાજનો અપનાવી રહ્યા છે.ભિલોડામાં કોરોના વાયરસ પ્રતિરોધક અમૃતપેય ઉકાળાનું વિતરણ કરાયું હતું.હજ્જારો લોકોએ વહેલી સવારે ઉકાળો હોંશે-હોંશે પીધો હતો.કોરોના વાઈરસ ભારત દેશમાં ન ફેલાય તે માટે ઠેર-ઠેર અવનવા આયુર્વેદિક ઉપાયો સેવાભાવી સંસ્થાઓના સંચાલકો અને લોકો અપનાવી રહ્યા છે. ગુણવંતભાઈ ત્રિવેદી, યોગેશભાઈ બુધ્ધ, મુકેશભાઈ પંચાલ, જગદીશભાઈ પટેલ, ઉર્વશીબેન બરંડા, મહેશભાઈ પટેલ, મુકેશભાઈ મહેતા, હસમુખભાઈ બરંડા, આરોગ્ય વિભાગના અધિકારીઓએ સામુહિક રીતે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કર્યું હતું.

# ડીસામાં ડોમેસ્ટિક એરપોર્ટ બનાવવા સામે ખેડૂતોમાં રોષ

ડીસા, તા.૧૯

બુધવારે એરપોર્ટ ઓથોરિટી દ્વારા સર્વેની હિલચાલને લઈ ખેડૂતોના જીવ તાળવે ચોંટી ગયા હતા અને તેમજ આ બાબતે રાણપુર તલાટીને સર્વે કરવા આદેશ આપતા ખેડૂતોમાં રોષ ફેલાયો હતો અને ગુરુવારે રાણપુર નજીક આસપાસના ગામોના ખેડૂતોની બેઠક યોજાઈ હતી અને જમીન આપવાની બાબતને લઈ ખેડૂતો ડોમેસ્ટિક એરપોર્ટનો પણ વિરોધ કરશે.

બનાસકાંઠાના ડીસામાં આવેલ હાઈવે સ્થિત એરપોર્ટ ઘણા લાંબા સમયથી બંધ રહ્યા બાદ ફરી એકવાર ડોમેસ્ટિક એરપોર્ટ શરૂ કરવાની કવાયત શરૂ થઈ છે. બુધવારે એરપોર્ટ ઓથોરિટીના અધિકારીઓએ મુલાકાત લઈને કેટલીક સૂચનાઓ પણ સ્થાનિક અધિકારીઓને આપી છે. જેમાં એરપોર્ટની રાણપુર તરફની દિવાલથી સવા કિમી લંબાઈ અને બસ્સો મિટર પહોળાઈવાળો પટ્ટો વધારવા માટે રાણપુના તલાટી અને સરપંચને સાથે રાખીને સ્થળ નિરીક્ષણ કર્યું હતું અને કેટલા ખેડૂતોની જમીન સંપાદન કરવી પડે છે તે બાબતની વિગત રાણપુર તલાટીને નક્કી કરવા જણાવ્યું છે. જોકે આ બાબતના અહેવાલ ગતરોજ નવ ગુજરાતસમયમાં પ્રસિદ્ધ થયા બાદ રાણપુરના ખેડૂતોએ બેઠક કરી હતી અને ખેડૂતો પોતાની જમીન ન આપવા વિરોધ દર્શાવ્યો હતો. ખેડૂતો કોઈપણ ભોગે જમીન ન આપવા નિર્ણય કર્યો હતો. સાથે એ પણ જણાવ્યું હતું કે અમારો વિરોધ એરપોર્ટ બંધ રહે એ નથી વિરોધ માત્ર એજ છે અગાઉ જરૂરિયાત મુજબ અમે ખેડૂતોએ જમીન આપી છે અને ત્યારબાદ પણ છેલ્લા ત્રીસ વર્ષથી ફરી જમીન લેવા અવારનવાર ચર્ચાઓ થઈ રહી છે. જોકે ગતરોજ મોડી રાત્રે નાયબ કલેકટર એચ. એમ પટેલએ ટ્વીટ કર્યું હતું જેમાં બેઠક થઈ હોવાની વાતને સમર્થન આપ્યું હતું. સાથે હવાઈ સેવા શરૂ થાય તે દિશામાં કામગીરી ચાલી રહી હોવાનું ઉલ્લેખ કર્યો છે.



## કંથરાવી ગામે આયુર્વેદ નિદાન-સારવાર યજ્ઞ યોજાયો

ઊંઝા તાલુકાના કંથરાવી ગામે રામદેવપીર મંદિરમાં ચાલતા અન્નક્ષેત્રના સહયોગથી સરકારી આયુર્વેદ દવાખાનું ગોરાદ આયોજીત મફત આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો હતો. કંથરાવી અન્નક્ષેત્રના ટ્રસ્ટી નરસિંહભાઈ પટેલ, આયુ. તબીબ ચેતન પ્રજાપતિ અને તબીબ રાહુલ મોદીના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૧૫૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. ૯૫૦ લોકોએ કોરોના વાયરસ સંદર્ભે આયુ. ઉકાળાનો લાભ લીધો હતો. આ પ્રસંગે ઉનાળાની શરૂઆત થતાં પક્ષીઓને પાણી પીવા માટે કુંડાઓ તેમજ ચકલીના માળાઓનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું.

# ખેડબ્રહ્મા શહેરમાં કોન્ટ્રાકટરને પડોશીએ શેરમાર્કેટમાં રોકાણ કરાવીને છેતરપિંડી

### કોંટ્રાક્ટર અંબાલાલ માળી શેર બ્રોકિંગની ઓફિસ ચલાવતા ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોધાવી

ખેડબ્રહ્માના કોંટ્રાક્ટરે પાડોશીની શેર માર્કેટની એજન્સીમા થોડા થોડ કરી રોકાણ કરાવ્યુ હતું. અને કોંતરકતના નામના ખાતા ખોળવવાનું જણાવી વિશ્વશમાં રાખી શેરની રકમની લેવડ દેવડ કરી ખાતા ના ખોલી છેતરપિંડી કરી હતી જેથી કોંટ્રાક્ટરે બ્રોકિંગ ઓફિસના સંચાલક વિરુદ્ધ ફરિયાદ નોધાવી હતી.

ખેડબ્રહમની વાસણા રોડ પર આવેલ બ્રહ્મા બંગલો માં અંબાલાલ હેમતાજી માલી ભાડેથી રહેતા હતા અને તેમના પડોશમાં લક્ષ્મીપુરાકંપાના પ્રદીપભાઈ ઈશ્વરભાઈ પટેલ રહેતા હતા જેઓ શેર માર્કેટમો લોકોના ખાતા ખોલી શેરની લેવડ દેવડ કરતાં હતા જેથે બંને એક જ સોસાયટીમાં રહેતા હોય પ્રદીપભાઈએ અંબાલાલને શેર માર્કેટમાં ખાતું ખોલાવવા માટે જણાવ્યુ હતું. પણ અંબાલાલ માળીએ રસ દાખવેલ નહીં પરંતુ પ્રદીપભાઈએ તેમણે વિશ્વાસમાં લઈ તમે ફક્ત રોકાણ કરો બાકી બધુ અમે સાંભળી લઈશું નું જણાવી શ્રધ્ધા ઈન્વેસ્ટમેન્ટમાં ગત તા ૬ નવેમ્બર ૨૦૧૭ માં રૂ, ૩૬૦ ભરી ખાતું ખોલવ્યું હતું, અને અંબાલાલને ખાતા નબર ૩૬૫૮૫ આપવામાં આવ્યો હતો. અને આ નંબરના બીલ પણ આપવામ આવતા હતા પ્રદીપ પટેલ થોડા થોડા સમયે અંબાલાલ માલી પાસે શ્રધ્ધા ઈન્વેસ્ટ્મેનટ માં રોકાણ કરવેલ અને અંબાલાલના ખાતામાં ૦૬/૦૩/૨૦૧૯ ના રોજ રૂ. ૧૨૫૪૩૩ નુ છેલ્લી લેવડ દેવડ થયેલ હતી પ્રદીપ પટેલે વર્ષ ૨૦૧૭ થી ૨૦૧૯ સુધીમાં અંબાલાલ માલી પાસે ચેક ધ્વારા રૂ. ૩૭૪૫૬૬૬ લીધેલ હતા અને તેમાથી ૫૭૬૮૬૫ ની રકમ પરત આપેલ હતી જેથી અંબાલાલ માળીને રૂ. ૩૧૬૮૮૦૧ જેટલી રકમ પ્રદીપ પટેલ પાસે લેવાની બાકી નીકળતી હતી. અને ત્યાર બાદ શ્રધ્ધા ઈન્વેસ્ટમેન્ટ ના સ્ટેમેંટ આવવાના બંધા થઈ જતાં અંબાલાલે તેની ઓફિસમાં તપાસ કરતા અંબાલાલ માલી ના નામનું કે નબરવાળું કોઈ ખાતું ના હોવાનું માલૂમ પડેલ જેથે પ્રદીપ પટેલ ધ્વાર તેમની સાથે છેતરપિંડી થયા હોવાનું માલૂમ પડતાં તેને વારંવાર ફોન કરી પંરતુ તેઓ કોઈ વાર મુંબઈ તો બીજા કામે ભાર હોવાનું જાણવી મલતા ન હતા જેથે અંબાલાલ માળીએ શ્રધ્ધા ઈન્વેસ્ટમેન્ટમાં શેર માર્કેટનું ખાતું ખોલાવી રૂપિયા રોકવી ખાતું ન ખોલી છેતરપિંડી કરી હોય પ્રદીપભાઈ પટેલ વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવી હતી.

### મા અર્બુદા સહસ્ત્રચંડી મહાયજ્ઞમાં


## વડગામના પરખડી ગામના વિધવા સૂરજબેને પાંચ લાખનું દાન આપ્યુ

સામાજિક સમરસતા અને વ્યસનમુક્ત સમાજના નિર્માણ માટે પાલનપુરના આંગણે આગામી તા. ૨ થી ૪ મે-૨૦૨૦ દરમ્યાન મા અર્બુદા રજત મહોત્સવની ભવ્ય ઉજવણી- ૧૦૮ કુંડી સહસ્ત્રચંડી મહાયજ્ઞનું આયોજન શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળ, પાલનપુર દ્વારા કરવામાં આવ્યું છે. અર્બુદાધામ, આદર્શ વિધાસંકુલ, ડેરી રોડ, પાલનપુર ખાતે યોજાનાર આ સહસ્ત્રચંડી મહાયજ્ઞમાં લોકો ઉત્સાહપૂર્વક દાનની સરવાણી વહાવી રહ્યા છે. મા અર્બુદા રજત



મહોત્સવમાં લોકોનો ઉત્સાહ ખૂબ જ વધી રહ્યો છે. આ મહાયજ્ઞમાં વડગામ તાલુકાના પરખડી ગામના વિધવા બહેનશ્રી સૂરજબેન સરદારભાઈ વળાગાંઠે રૂ. પાંચ લાખનું માતબર દાન આપી મા અર્બુદા પ્રત્યેની અતૂટ શ્રધ્ધ પ્રગટ કરી છે. સમાજની એક વિધવા બહેનનું આ દાન સમગ્ર સમાજના લોકો માટે પ્રેરણાદાયી પગલું છે. શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળના પ્રમુખ શ્રી કેશરભાઈ ભટોળે વિધવા બહેનશ્રી સૂરજબેનના ઘરે જઈને માતાજીનો ખેસ પહેરાવીને તેમને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી હરીભાઈ ચૌધરી, શ્રી બનાસકાંઠા આંજણા પટેલ કેળવણી મંડળના પૂર્વ પ્રમુખશ્રી પરથીભાઈ ભટોળ, મહામંત્રીશ્રી શામળભાઈ કાગ, અખિલ આંજણા મહાસભાના પ્રમુખશ્રી વિરજીભાઈ જુડાલ, શ્રી ફલજીભાઈ ભટોળ સહિત સમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ફાઈનાન્સરને આપેલ ૭૨ લાખ પરત ન મળતાં ઝાડ પર લટકી યુવકનો આપઘાત



ફાઈનાન્સરને આપેલ ૭૨ લાખ પરત ન મળતાં ઝાડ પર લટકી યુવકે આપઘાત કર્યો હતો.આ મામલે અરવલ્લી જિલ્લા ના મોડાસાના દેવાયત ફાઈનાન્સર ના મેહુલ જોષી સહિત અન્ય લોકો સામે ફરિયાદ નોંધાઈ છે. ધનસુરા ના કોલવડા ગામ ના ૪૨ વર્ષિય ખેડૂત રાજેન્દ્રભાઈ પટેલ ઉર્ફે લાલાભાઈ મગનભાઈ પટેલ પોતાના જમીન ના પૈસા અને કેસીસી ના પૈસા મોડાસા ના દેવાયત ફાઈનાન્સર મેહુલ જોષી ને આપ્યા હતા. જે ૩ વર્ષ થવા છતાં પાછા ન મળતા રાજેન્દ્રભાઈ એ પોતાના ખેતર પાસે આવેલ ઝાડ પર ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.રાજેન્દ્રભાઈ ના પત્ની અરવલ્લી જિલ્લા ના ભાજપ મહિલા મોરચા ના મંત્રી છે.૭૨ લાખ પરત ન મળતાં રાજેન્દ્રભાઈ એ આત્મહત્યા કરતા સમગ્ર પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી.

આ અંઘે ધનસુરા પોલીસ સ્ટેશનમાં મેહુલ જોષી, રમેશભાઈ બારોટ અને અન્ય લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. મૃતક રાજેન્દ્રભાઈ પટેલ પોતાની મોટરસાઈકલ લઈને નીકળ્યા હતા બાદમાં બપોર બાદ તેઓ ઘરે પરત ન ફરતાં કુટુંબીજનો તેઓ ને શોધવા કોલવડા ગામની સીમ તરફ ગયાં હતાં અને મૃતકની લાશ ઝાડ ઉપર થી નીચે ઉતારી હતી.અને તેમના ખિસ્સામાંથી સુસાઈડ નોટ મળી આવી હતી. જેથી ધનસુરા પોલીસ ને જાણ કરાઈ હતી.તેમના ભાઈ એ પોલીસ ફરિયાદ નોંધાવી હતી તેમણે ફરિયાદ માં જણાવ્યું છે કે રાજેન્દ્રભાઈ એ પોતાની ૧૩ વીઘા જમીન ના પૈસા અને કેસીસી ના પૈસા મોડાસા ના ફાઈનાન્સર ને આપ્યા હતા.

પરંતુ પૈસા પાછા માંગતા તેઓ પૈસા પાછા આપતા ન હતા.જેને લીધે તેઓ કેટલાક સમય થી ટેન્શનમાં રહેતા હતા.રાજેન્દ્રભાઈ જ્યારે પૈસા માંગતા ત્યારે એવો જવાબ મળતો કે તમારા પૈસા મકાનોમાં અને જમીનોમાં રોકાયેલા છે.મૃતકે સુસાઈડ નોટમાં જણાવ્યું છે કે મારે જ્યારે પૈસા ની જરુર પડતી ત્યારે બે જામીન અને સ્ટેમ્પ કરે ત્યારે પૈસા આપતા આ ઉપરાંત મૃતકે સુસાઈડ નોટમાં લખ્યું છે કે જયાં સુધી મારા ૭૨ લાખ રુપિયા ન આપે ત્યાં સુધી મારા અગ્નિ સંસ્કાર ન કરતા.આને લઈ મેહુલ જોષી,રમેશભાઈ બારોટ સહિત અન્ય લોકો સામે ફરિયાદ નોંધાઈ છે.મૃતકની દિકરી એ રાજેન્દ્રભાઈ ને કાંધ આપી અગ્નિ સંસ્કાર કર્યા હતા.આ જોઈ સૌ કોઈ પોતાના આંસુ રોકી શક્યા ન હતા.